શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.નવીપારડી
તા.કામરેજ, જી.સુરત – ૩૯૪ ૧૫૦ ( ગુ જ રા ત )

---

જા.નં. : કેએસએફ/ખેતી/૨૦૨૪–૨૫/ ૧૨૩
તારીખ : ૬/૪/૨૦૨૪

પ્રતિ,
શ્રી........................................................ (ગ્રામ–પ્રતિનિધી)
ગામ :.........................,
તા.:.........................,
જી.: સુ ર ત.

મહાશય,

સવિનય આપના ગામના સભાસદ ભાઈઓને નીચેની માહિતીની જાણ કરવા વિનંતી છે.

શેરડી વાવેતર સીઝન : ૨૦૨૪–૨૫ માટે શેરડી વાવેતર માંગણી ફોર્મ તા.૧૧/૪/૨૦૨૪ થી તા.૨૭/૪/૨૦૨૪ દરમ્યાન (રવિવાર, જાહેર રજા સિવાય) સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતાં ગામોએ ખેતી વિભાગના ઝોન સુપરવાઈઝરને ભરી આપવાના રહેશે. જે તે ગામ પર વાવેતર ફોર્મ ભરવાનો સમય સવારે : ૮–૩૦ થી બપોરે : ૩–૦૦ કલાક દરમ્યાનનો રહેશે. વાવેતર ફોર્મ ભરવા માટેના પ્રોગ્રામની અગાઉથી જે તે ગામના ગ્રામ–પ્રતિનિધીશ્રીને જાણ કરવામાં આવેલ છે. **ફોર્મ ભરતી વખતે સભાસદ પાસબુક અવશ્ય રજુ કરવાની રહેશે.**

ઉપરોક્ત નિયત કરેલ દિવસો દરમ્યાન જે તે ગામ પર વાવેતર અરજી આપવાની બાકી રહી હોય તેવા સભાસદોના ફોર્મ સંસ્થાની ખેતી વિભાગની ઓફિસમાં તા.૨૯/૪/૨૦૨૪ થી તા.૪/૫/૨૦૨૪ દરમ્યાન સ્વીકારવામાં આવશે. શેરડી વાવેતર અંગેના નીતિ–નિયમો વાવેતર ફોર્મમાં જણાવેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

મેનેજીંગ ડીરેક્ટર

નોંધ :

(૧) જે તે ગામ પર વાવેતર ફોર્મ ભરવાની કામગીરી ગ્રામ પ્રતિનિધી / ગ્રામ પંચાયત ઓફિસ / દૂધ મંડળી / સેવા સહકારી મંડળીના મકાન પૈકી ગમે તે એક સ્થળે કરવામાં આવશે.